# ડીપીએસ દ્વારા મોટાપાયે વૃક્ષારોપણ



દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ કેચ ફાઉન્ડેશન સાથે મળીને વૃક્ષારોપણનો કાર્યક્રમ કર્યો હતો. આશરે ૨૫૦૦ રોપાં સાથે શહેરને હરિયાળું બનાવવા માટેના વિદ્યાર્થીઓના પ્રયાસને બિરદાવવા આરજે ધ્વનિત અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર વિજય નેહરા ઉપસ્થિત રહયા હતા.

# જીઆઈપીએસ દ્વારા વિધાનસભાની મુલાકાત



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓને વિધાનસભાની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને રાજકીય વહીવટી અધિકારીઓની તથા વિધાનસભા બેઠકની પ્રત્યક્ષ ઝાંખી કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં રાજકીય માળખાની સજાગતા હેતુ આ શૈક્ષણિક મુલાકાત યોજવામાં આવી હતી.

## ડાયરેક્ટ

મૃત્યુ
એ પરમતત્ત્વને
પામવાની
આખરી દોડ છે

## જન્મદિને વધામણી



પ્રેમલ શૈલેષકુમાર ઠાકોર
મો. ૮૩૪૭૮ ૭૦૮૫૪



રાજેન્દ્ર આર પારેખ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસજી - એસવી સ્કૂલ દ્વારા વાર્ષિક આયોજન રજૂ કરાયું



એસ.જી. - એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી શાળા દ્વારા I.Q.A.C. કાર્યક્રમ અંતર્ગત શાળાની ગુણવત્તા જાળવણી અને સુધારણા માટે વર્ષની અભ્યાસલક્ષી, ઈતર પ્રવૃતિઓનું આયોજન અને શાળાની ઉન્નતિ માટેના બહુમુખી વિકાસ અંગે ઉચ્ચ કોટિના માપદંડ સાથે સંસ્થાના ચેરમેન, એજ્યુકેશન ડીન, ડાયરેક્ટર, આમંત્રિત મહેમાનો તેમજ વાલીગણ સમક્ષ શાળાના ફલોર ઈન્ચાર્જ હિંમતસિંહ ચાવડાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. આ કાર્યક્રમના મહેમાન તરીકે જી.સી.આર.ટી.ના લેક્ચરર ઈકબાલ હુસેન અને ડૉ. પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

### આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલયમાં

# લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી





ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીએ આ ચૂંટણીમાં મતદાન કર્યું હતું. ચૂંટણી કમિશનર તરીકે શિક્ષક પારૂલબા રાઠોડ અને નિલમબેન પટેલે ભૂમિકા ભજવી હતી. ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવી, ઉમેદવારી પત્રો ભરવાં, ચકાસણીક રવી, ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની વિગતવાર માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી અને કાર્યપ્રવૃત્તિઓનો અમલ પણ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ જોરશોરથી ચૂંટણી પ્રચારની કામગીરી પણ બજાવી હતી. વર્ગ પ્રતિનિધિ તરીકે ધોરણ-૯માં વિધિ જાદવ, અભિષેક મોતડીયા, ધોરણ-૧૦માં સાનિયા શેખ, વિજય શર્મા, ધોરણ-૧૧ કૉમર્સમાં કુલદીપ શ્રીમાળી, નાઝનીન ભટ્ટી, ધોરણ-૧૧ આર્ટ્સમાં આદિત્ય મકવાણા, વિશ્વા વ્યાસ, ધોરણ-૧૨ કોમર્સમાં હેલી શાહ અને કરણ રબારી તથા ધોરણ-૧૨ આર્ટ્સમાં સૃષ્ટિ દૂધરેજીયા અને વિવેક રાવલ ચૂંટાઈ આવ્યા હતા. આ વર્ગ પ્રતિનિધિઓ દ્વારા યોજવામાં આવેલી ચૂંટણી બાદ જીએસ તરીકે કરણ રબારી અને એલઆર તરીકે સૃષ્ટિ દૂધરેજીયા ચૂંટાઈ આવ્યાં હતાં. વર્ગ પ્રતિનિધિ તરીકે વિજેતા થયેલા તમામ વિદ્યાર્થીઓએ શપથ પણ ગ્રહણ કર્યા હતા અને તેમના મંત્રીમંડળની પણ રચના કરવામાં આવી હતી. આ સફળ અને ઉપયોગી ઉપક્રમ બદલ શાળા પરિવારને ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.


# શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા બાળાઓને વ્રતસહાય





શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા બાળાઓનાં વ્રતના દિવસો દરમિયાન રાયસણ ખાતે કાર્યરત આદિજાતિ શાળાની ૧૬૦ બાળાઓ ઉપરાંત શ્રી જલારામ મંદિર ખાતે વ્રતપૂજન માટે આવતી બાળાઓને શ્રી જલારામ બાપાની પ્રસાદીરૂપે ફળો, માવા ચિકી, ફરાળી ચેવડો, ફરાળી વેફર અને સિંગ ચિકીની ભેટ ધરવામાં આવી હતી અને બાળાઓનાં વ્રત ફળે તે માટે પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

# ‘દુનિયાને દર્પણ’ જેવાં પર્યાવરણપ્રેમનાં નાટકો




## પુસ્તક પરિચય

કુંતલ નિમાવત

knn786@gmail.com

સમકાલીન પ્રજાજીવનમાં પ્રવર્તતાં વિચારવલણો, વ્યાપક પ્રવૃત્તિઓ, સર્વ પ્રભાવક પરિબળો, સાહિત્ય વિગેરે પ્રવૃત્તિઓમાં સર્જકતાનો સાથ પ્રતિબિંબિત થાય એ સ્વાભાવિક છે. તેમાં પણ નાટકમાં સવિશેષ કારણ કે નાટક પ્રેક્ષક સમુદાય-સામાજિક સમાજ સાથે પ્રત્યક્ષ, સજીવ અને તાત્કાલિક સંબંધ ધરાવે છે. નાટકનો પ્રેક્ષકગણ બૃહદ સમાજનું જ લઘુરૂપ હોય છે. આ સમાજ સાથે ભાવ-પ્રતિભાવ અને પરસ્પર પ્રભાવથી સંબંધ સેતુ રચાય છે. આ સેતુબંધ પર નાટકની સફળતાનો આધાર છે. ભાવકને સતત લક્ષમાં રાખીને કોઈ કળાકૃતિનું નિર્માણ થતું હોય તો તે નાટકના લેખનથી ભજવણી સુધી બધી ભૂમિકાએ ભાવકનું ધ્યાન રખાતું હોય છે. એટલે ‘દુનિયાનું દર્પણ’ એવું નાટક સમાજને પ્રતિબિંબિત કરે છે અને ઘડે છે. તેની સાથોસાથ તે પ્રેક્ષક તરીકે સમાજ પણ નાટકને તેની ભૂમિકાએ પ્રભાવિત કરે છે. નાટક તેના પૂરા અને વાસ્તવિક અર્થમાં ભાવ સાપેક્ષ સામાજિક કળા છે. ત્યારે પર્યાવરણપ્રેમી લેખક દ્વારા સહજ રચાયેલાં નાટકોના સંગ્રહની આ વાત છે.

‘હવે હું ચૂપ નહીં રહું’ નાટ્યસંગ્રહ એ લેખક નટવર હેડાઉનો પ્રથમ બાળનાટ્ય સંગ્રહ છે. તેમાં બાર નાટકો છે જે અગાઉ ભજવાઈ ચૂક્યાં છે. આમ, આ પુસ્તકમાં સમાયેલાં નાટકો મંચનક્ષમતા ધરાવે છે તે સાબિત થઈ ચૂક્યું છે. લેખક વર્ષો સુધી વનખાતામાં રહ્યા છે, તેથી અહીં મોટાભાગનાં નાટકો પશુ, પંખી, પર્યાવરણસંબંધી છે. નાટ્ય સંગ્રહની પ્રસ્તાવના જાણીતા બાળનાટ્ય લેખક નટવર પટેલ દ્વારા લખાઈ છે. લેખકે આ સંગ્રહ નાટ્યકાર પ્રકાશ લાલાને અર્પણ કર્યો છે. જે નાટક પરથી આ સંગ્રહનું નામ અપાયું છે તે નાટક ‘હવે હું ચૂપ નહીં રહું’માં સંકેત અને નિશાંત હરણનો શિકાર કરવા જતાં પકડાઈ જાય છે. તેમની મા તેમને જેલમાં મળવા જાય છે અને સમજાવે છે. પછી બંને શિકાર ન કરવાની પ્રતિજ્ઞા લે છે. આમ, અહીં પ્રાણીઓનો શિકાર ન કરવો જોઈએ, એવો ગર્ભિત સંદેશો નાટકના માધ્યમથી આપવામાં આવ્યો છે.

‘પ્રકૃતિનું બલિદાન’ નાટકમાં કાગળનો બગાડ ન કરવાની વાત કહેવાઈ છે. કાગળ વૃક્ષમાંથી બને છે, તે જાણ્યા પછી બંને બાળકો કાગળની બચત કરતાં થાય છે. આવી જ વૃક્ષો બચાવવાની વાત ‘વૃક્ષો માગે વહાલ’માં કરવામાં આવી છે. ‘નવજીવન’ નાટકમાં પણ આ જ સંદેશો અપાયો છે. ‘હવા બચાવો’ નાટક ક્વિક પ્રશ્નોત્તરી રૂપે એક નવી ટેકનિક દ્વારા રજૂ થયું છે. અહીં લેખકે હવાનું મહત્ત્વ શું છે તે પ્રશ્નોત્તરી દ્વારા સમજાવ્યું છે.

‘માનવ પર મુકદ્દમો’માં નાનાં પ્રાણીઓ વનરાજ પાસે ફરિયાદ લઈને જાય છે. માનવી પોતાની દવાઓના પ્રયોગો કરવા અન્ય સંશોધનો કરવા નાનાં પ્રાણીઓ પર જે પ્રયોગો કરે છે તે અંગેની અહીં વાત છે. તો વળી ‘યંત્રમાનવ’માં બે વૈજ્ઞાનિકો વાતચીત કરે છે. એક માનવ કલ્યાનો વિરોધ કરે છે. ડૉ. વિરાટ એવો રોબોટ બનાવે છે જે માનવીની જેમ ઘણાં કામ કરે છે. આગળ જતાં વિજ્ઞાની વિલિયમની યોજના ઊંધી વળી જાય છે એની અહીં વાત છે.

‘અઘોષિત યુદ્ધ’ વર્ણનાત્મક નાટક છે, તો ‘દેશ પરદેશ’ રેડિયો નાટક રૂપે રચાયેલી કૃતિ છે. ‘જીવન બચાવો’ અને ‘રંગબેરંગી પંખી’ બાળ નાટકોમાં એક અલગ છાપ પાડે છે. ‘હવે હું ચૂપ નહીં રહું’ બાળ નાટક સંગ્રહમાં લેખક નટવર હેડાઉએ પોતાના પ્રતિભાવ રૂપે ‘પ્રેક્ષકથી લેખક સુધીની મારી નાટ્યસર્જન યાત્રા’ની વિસ્તૃત રૂપે ચર્ચા કરી છે.

ઉલ્લેખનીય છે કે લેખકનાં વિવિધ સાહિત્ય-સ્વરૂપોમાં ૪૫ જેટલાં પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. વન-પર્યાવરણલક્ષી નાટકોનો આ સંગ્રહ શાળાઓ અને નેચર કેમ્પમાં આસાનીથી ભજવી શકાય એવાં નાટકો ધરાવતો હોવાથી તે ભાવકોનાં મન સરળતાથી જીતી લેશે તેવી શ્રદ્ધા છે. હું બાળનાટકોના આ રસીલા સંગ્રહને આવકારું છું અને લેખકને અભિનંદન પાઠવું છું.

‘હવે હું ચૂપ નહીં રહું’ બાળનાટ્ય સંગ્રહ
લેખક : નટવર હેડાઉ
પ્રકાશક : પ્રણવ પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮ ● કિંમત : રૂા. ૧૦૦/-

# હુલ્લડનો અનુભવ

॥ બીજો મણકો ॥

એટલે આ નવી આવૃતિ છાપવા, વેચવા, ખરીદવામાં કંઈ ગુનો ન ગણાય એમ સરકાર તરફથી કહેવામાં આવ્યું. આ ખબર સાંભળી લોકો નિરાશ થયા.

આ તારીખે ચોપાટી ઉપર સવારે સ્વદેશી વ્રતને સારુ ને હિંદુમુસ્લિમ વ્રતને સારુ લોકોને એકઠા થવાનું હતું. વિઠ્ઠલદાસ જેરાજાણીનો આ પહેલો અનુભવ થયો કે, ઊજળું એટલું દૂધ નથી. લોકો ઘણા ઓછા ભેળા થયા. આમાં બેચાર બહેનોનાં નામ મારી આગળ તરી આવે છે. પુરુષો પણ થોડા હતા. મેં વ્રત ઘડી રાખ્યાં હતાં. એનો અર્થ હાજર રહેલાંને ખૂબ સમજાવી તેમને લેવા દીધાં. થોડી હાજરીથી મને આશ્ચર્ય ન થયું, દુઃખ પણ ન થયું. પણ ધાંધલિયા કામની વચ્ચે ને ધીમા રચનાત્મક કામની વચ્ચેનો ભેદ અને પહેલાનો પક્ષપાત અને બીજાનો અણગમો ત્યારથી હું અનુભવતો આવ્યો છું.

પણ આ વિષયને નોખું પ્રકરણ આપવું પડશે.

સાતમીની રાતે હું દિલ્હી અમૃતસર જવા નીકળ્યો. આઠમીએ મથુરા પહોંચતાં કંઈ ભણકાર આવ્યો કે કદાચ મને પકડશે. મથુરા પછી એક સ્ટેશને ગાડી ઊભી રહેતી હતી ત્યાં આચાર્ય ગિદવાણી મળ્યા. તેમણે હું પકડાવાનો છું. એવા વિશ્વાસપાત્ર ખબર આપ્યા ને પોતાની સેવાની જરૂર હોય તો આપવા કહ્યું. મેં ઉપકાર માન્યો ને જરૂર પડ્યે સેવા લેવા નહીં ભૂલું એમ જણાવ્યું.


## ગાંધીયાત્રા

પલવલ સ્ટેશન આવે તે પહેલાં પોલીસ અમલદારે મારા હાથમાં હુકમ મૂક્યો. ’તમારા પંજાબમાં પ્રવેશ કરવાથી અશાંતિ વધવાનો ભય છે, તેથી તમારે પંજાબની સરહદમાં દાખલ ન થવું,’ આવી જાતનો હુકમ હતો. હુકમ આપી મને ઊતરી જવા પોલીસે કહ્યું. મેં ઊતરવાની ના પાડી ને કહ્યુંઃ ’હું અશાંતિ વધારવા નહીં પણ આમંત્રણ મળવાથી અશાંતિ ઘટાડવા જવા માગું છું, એટલે હું દિલગીર છું કે, આ હુકમને મારાથી માન નહીં આપી શકાય.’

પલવલ આવ્યું. મહાદેવ મારી સાથે હતા. તેમને દિલ્હી જઈ શ્રધ્ધાનંદજીને ખબર આપવા ને લોકોને શાંત રાખવાનું કહ્યું. હુકમનો અનાદર કરી જે સજા હશે તે વહોરી લેવાનો નિશ્ચય કર્યો છે એમ કહે, અને સજા થતાં છતાં લોકોના શાંત રહેવામાં જ આપણી જીત છે એમ સમજાવે, એમ મહાદેવને કહ્યું.

પલવલ સ્ટેશન ઉપર મને ઉતારી લીધો ને પોલીસને હવાલે કર્યો. દિલ્હીથી આવતી કોઈ ટ્રેનના ત્રીજા વર્ગના ડબ્બામાં મને બેસાર્યો, સાથે પોલીસની પાર્ટી બેઠી. મથુરા પહોંચતાં મને પોલીસ બૅરેકમાં લઈ ગયા. મારું શું થશે ને ક્યાં લઈ જવાનો છે એ કંઈ અમલદાર મને કહી ન શક્યો. સવારના ચાર વાગ્યે મને ઉઠાડ્યો ને માલની ગાડી મુંબઈ તરફ જતી હતી તેમાં મને લઈ ગયા. બપોરના સવાઈમાધુપુર ઉતારી મૂક્યો. ત્યાં મુંબઈની મેલ ટ્રેનમાં લાહોરથી ઈન્સ્પેકટર બોરિંગ આવ્યા. તેમણે મારો કબજો લીધો. હવે મને પહેલા વર્ગમાં ચડાવ્યો. સાથે સાહેબ બેઠા.

અત્યાર લગી હું સામાન્ય કેદી હતો, હવે ’જેન્ટલમેન કેદી’ ગણાવા લાગ્યો. સાહેબે સર માઈકલ ઓડવાયરનાં વખાણ શરૂ કર્યા. તેમને મારી સામે તો કંઈ જ નથી, પણ મારા પંજાબમાં જવાથી તેમને અશાંતિનો પૂરો ભય છે વગેરે કહી, મારી મેળે પાછા જવા ને ફરી પંજાબની સરહદ ન ઓળંગવા વીનવ્યો. (ક્રમશઃ)



‘સત્યના પ્રયોગો’માંથી સાભાર